| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૬/૦૩/૨૦૨૦ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૬૫/૨૦૨૦**

# અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :

**સગીર વયની દિકરીને કાયદેસરના વાલીપણામાથી અપહરણ કરી ભગાડી જનાર આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડતી કાગડાપીઠ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટરશ્રી યુ.ડી.જાડેજાસાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ અમદાવાદ શહેરમાં બનતા બાળકોના અપહરણના બનતા ગુનાઓ શોધી કાઢવા તથા ગુના બનતા અટકાવવા સારૂ અવાર નવાર મળતી સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઇ.પી.કે.ગોહીલ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કાગડાપીઠ પો.સ્ટે.ગુ.ર.નં.એ-૦૧૯૧/૨૦૨૦ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોક્સો એક્ટ કલમ ૩(એ),૪, ૫(એલ),૬ મુજબના કામે ચોક્કસ ખાનગી બાતમીદારો મારફતે સદર ગુનાના કામે આરોપીને પકડી સદરી આરોપીને તા-૦૧/૦૩/૨૦૨૦ ના કલાક ૧૬/૦૦ વાગ્યે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે અને સદરી આરોપીના નામદાર કોર્ટમાથી રીમાન્ડ મેળવી આગળની વધુ તપાસ પર્સનલનાઓ ચલાવી રહેલ છે.



# ઠગાઇના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી :

## રાજય બહારના વેપારીઓને લીલા વટાણાના ઉચા ભાવની લાલચ આપી વિશ્વાસમાં લઇ મોબાઇલ ફોન ઉપર વટાણાનો જથ્થો મંગાવી બારોબાર વેચી દઇ ઠગાઇ કરતી ટોળકીને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.અમદાવાદ પોલીસ કમિશ્નર સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા મદદનીશ પો.કમિશ્રી “ઇ” ડીવીજન સા.શ્રી નાઓ તથા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી નાઓએ ગા.હવેલી પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ફ.ગુ.ર.નં-૧૬૯/૨૦૧૮ ધી.ઇ.પી.કો કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાની તપાસના કામે ઉપરી અધિકારીશ્રીઓના માર્ગદર્શન મુજબ સદરી ગુન્હામાં વપરાયેલ મોબાઇલ નંબર તથા મોબાઇલ ઇસ્ટુમેન્ટના IMEI નંબરની સી.ડી.આર મંગાવી જેનુ એનાલીસીસ કરી સદરી ગુન્હાના કામે વપરાયેલ મોબાઇલ ફોનના IMEI નંબરની કોલ ડીટેલ્સમાં જીયો કંપનીના કુલ-૨૨ સીમકાર્ડનો ઉપીયોગ થયેલ જે બાબતે તપાસ કરતા આરોપી નં-(૧) વીજય સરણભાઇ કાછવાણી રહે. માધવનગર આજવા રોડ વડોદરા વાળાનો પોતાના નામે ખરીદેલ સીમ મો.નં.૯૮૯૮૦૭૬૨૮૮ નો ઉપીયોગ થયેલાનુ જણાતા જે આધારે આરોપીને શોધી લાવી પુછપરછ કરતા સદર હુ ગુન્હાની કબુલાત કરેલ અને આ ગુન્હામાં સહ આરોપી નામે જયેશ ઉર્ફે દિનુ સ/ઓ જામનદાસ વીરવાણી ઉ.વ.૨૫ ધંધો.નોકરી રહે. મ.નં.૪૮૨ જાદુગરની ગલી માધવનગર આજવા રોડ વડોદરા તથા રાજેશભાઇ ઉર્ફે રાજા સ/ઓ શાંતીલાલ પારેખ ઉ.વ.૪૧ ધંધો.વીડીયોગ્રીફી રહે. મ.નં.૧૩૫ ભાથીજી મહારજનુ ફળીયુ માધવનગર આજવા રોડ વડોદરા તથા જમાલુદ્દીન હસનભાઇ માધુ ઉ.વ.૩૪ ધંધો. શાકભાજીનો વેપાર રહે. મ.નં.ઇ/૩૬૦૮ મુન્ડાફળીયા, મોટા બજાર પોલીસ ચોકી પાછળ, ભરૂચ શહેર વાળાઓને અટક કરી ગુન્હો શોધી કાઢી તમામ આરોપીઓ વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે



## ડુબ્લીકેટ ડોક્યુમેન્ટ બનાવી તેના સાચા તરીકે આરટીઓ ઓફીસમાં રજુ કરી વાહન ચાલકો ને ડીટેઈન કરેલ વાહનો ઓછા દંડમાં છોડાવી સરકાર સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરતા ઈસમોને પકડી પાડતી રામોલ પોલીસ

### રામોલ પોલીસ સ્ટેશન :

તા:૦૪/૦૫/૨૦૨૦ ના રોજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી રામોલ પોલીસ સ્ટેશનની સુચના આધારે રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ.ઈ બી.બી.સોલંકી સ્ટાફના પો.કો ચીરાગભાઈ ભુપતભાઈ બ.નં.૧૫૩૫ તથા પો.કો સત્યજીતસિંહ નિર્મળસિંહ બ.નં.૧૦૯૪ નાઓ સાથે પોલીસ સ્ટેશન વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સ.ઈ બી.બી.સોલંકી નાઓને બાતમી હકીકત મળેલ કે રખીયાલ ખાતે રહેતા ફરજનઅલી ઉર્ફે મહોમદજુબેર મહોમદબસીર શાહ તથા જુનેદ જફરઅલી પઠાણ જે બન્ને ઈસમો પોલીસ વિભાગ દ્વારા ડીટેઈન કરેલ વાહનના ડીટેઈન મેમા ભરવા આવતા વાહન ચાલકો પાસેથી આરટીઓ નો ભરવાનો થતો દંડ કરતા ઓછા રૂપીયા લઈ ડીટેઈન મેમા માં આપવાના થતા ડોક્યુમેન્ટ નકલી બનાવી ઓછો દંડ ભરી આરટીઓની રસીદો આપતા હોય જેઓ હાલ પોતાના કબજાનુ સફેદ રંગનુ એક્ષેસ મો.સા નં.જીજે.૨૭.સીઆર.૧૧૯૯ નુ લઈ વસ્ત્રાલ રોડ ન્યુ આરટીઓ કચેરીના ગેટની સામે ઉભેલ છે જે બાતમી આધારે આરોપીઓ નં.૧ ફરજનઅલી ઉર્ફે મહોમદજુબેર મહોમદબસીર શાહ ઉવ:૪૪ રહે:એમ.બી કોમ્પલેક્ષ મહમદ ધોબીની ચાલીની બાજુમાં કલંદરી મસ્જીદ રખીયાલ અમદાવાદ શહેર તથા નં.૨ જુનેદ જફરઅલી પઠાણ ઉવ:૨૩ રહે:૫૩ શાહ એન્ડ પરીખ એસ્ટેટ ચકુડીયા મહાદેવના છાપરા રખીયાલ અમદાવાદ શહેર નાઓને પોતાના કબજાના એક્ષેસમાં લાઈસન્સ તથા પીયુસી તથા વીમા પોલીસી ના બનાવટી ખોટા ડોક્યુમેન્ટ સાથે મળી આવતા તેઓની પુછપરછ દરમ્યાન સહ આરોપી સોએબ સલીમભાઈ શેખ ઉવ:૩૩ રહે:જહાગીંરનગર ગલી નં.૧ સૈયદવાડી વટવા અમદાવાદ શહેર નાઓ સાથે મળી ડીટેઈન કરેલ વાહનોના વાહન માલીકો/ચાલકો ડીટેઈન મેમો ભરવા માટે આર્ટીઓ ઓફીસે આવતા તેઓને ખામીયુક્ત ડોક્યુમેન્ટ ખોટા બનાવી આપી ખોટા ડોક્યુમેન્ટનો ખરા તરીકે ઉપયોગ કરી આરટીઓ કચેરીમાં રજુ કરી ઓછા રૂપીયામાં વાહન છોડાવી આપતા હોવાની કબુલાત કરતા જે આધારે રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૨૩૧-એ ધી ઈપીકો કલમ ૪૦૬,૪૨૦,૪૦૯,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી આરોપીઓ પાસેથી ડુબ્લીકેટ ડોક્યુમેન્ટ બનાવવા માટે ઉપયોગમા લેતા કોમ્પ્યુટર તથા સ્કેનર પ્રીન્ટર તથા પેંડ્રાઈવ તથા બનાવટી ડોક્યુમેન્ટ તથા મોબાઈલ ફોન તથા એક્ષેસ મળી કુલ્લે કીમત રૂપીયા ૭૫૫૦૦/- મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

### ઘરફોડ કરતી ઘરઘાટી ગેંગ (ડુંગરપુર) ને પકડવામાં આવી

### કુલ- ૦૯ ઘરફોડ ડિટેકટ કરવામાં આવી

તાજેતરમાં થયેલ 8,50,000 ની મોટી ઘરફોડ સહિત ચોરી ના ગુનાઓ શોધવા પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હોઈ, જે હેઠળ અલગ અલગ ટિમો બનાવી ટેક્નિકલ એનાલિસિસ તેમજ હ્યુમન ઇન્ટેલિજન્સ ના સમન્વય થી સોલા પોલીસ સર્વેલન્સ ટિમને આરોપી પકડવામાં સફળતા મળેલ છે.*

પ્રો.ASI અમીતભાઈ રણછોડભાઈ , PC અજીતસંગ નારસંગ, PC પ્રફુલભાઈ છેલાભાઈ તથા PC માધુભાઈ પોલાભાઈ નાઓએ સંયુક્ત મહેનતથી આશરે 4.5 કિમી રૂટ ના અંદાજે 71 CCTV ચેક કરી સાથોસાથ હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી નીચે જણાવેલ આરોપીઓને મુદામાલ સાથે પકડી ડિટેક્શન કરેલ છે

**આરોપીઓ :-**

(૧) ટીકેન્દ્ર ઉર્ફે કિશન સ/ઓ લક્ષ્મણ મેઘજી મીણા ઉ.વ.૨૧ રહે. ખોડીયાર નગર, ભરવાડના મકાનમાં, મલાવ તળાવના છાપરા, થલતેજ, અમદાવાદ મૂળ ગામ. રામા, પંચાયત ગોર, તા.આશપુર, જી,ડુંગરપુર રાજસ્થાન

(૨) કૈલાષ સ/ઓ લાલુરામજી ભીમરામજી કલાસવા ઉ.વ.૨૦ રહે.રહે. ગામ. મહમદપુરા, કર્ણાવતી ક્લબની પાછળ, સરખેજ, અમદાવાદ મૂળ ગામ. લાઉવા, પો.સ્ટે. ઝલારા તા.સલૂમ્બર જી,ઉદયપુર રાજસ્થાન

(૩) અશોક સ/ઓ ગાગજી અમરાજી મીણા ઉ.વ.૧૯ રહે.રહે. ખોડીયાર નગર, ભરવાડના મકાનમાં, મલાવ તળાવના છાપરા, થલતેજ, અમદાવાદ મૂળ ગામ. ધોલપનકા ગુડા, પો.સ્ટે. બડીવીરવા તા.સલૂમ્બર જી,ઉદયપુર રાજસ્થાન

(૪) પ્રકાશ રોડાજી મીણા ઉ.વ.૨૧ રહે.ખોડીયારનગર ભરવાડના મકાનમાં, મલાવ તળાવના છાપરા, થલતેજ, અમદાવાદ મૂળ ગામ. ધોલપાનકા કુડા, પો.સ્ટે. વિરવા તા.સલૂમ્બર જી.ઉદયપુર રાજસ્થાન

(૫) ભગવતીલાલ ઉર્ફે ભાવેશ સ/ઓ વેલાજી કચરાજી મીણા ઉ.વ.૧૯ રહે.રહે. ગામ. મહમદપુરા, કર્ણાવતી ક્લબની પાછળ, સરખેજ, અમદાવાદ મૂળ ગામ. નયાગાવ, પો.સ્ટે. ઝલારા તા.સલૂમ્બર જી,ઉદયપુર રાજસ્થાન

(૬) રમેશ સ/ઓ પ્રથાજી ડાહ્યાજી મીણા ઉ.વ.૨૩ રહે.મ.નં.૧, (ઘરઘાટી) ગ્રાઉન્ડ ફ્લોર, વિશ્વકેતૂ ટાવર, જજીસ બંગલ, સેટેલાઇટ, અમદાવાદ મૂળ ગામ. બામણીયા પો.સ્ટે. ઝલારા તા.સલૂમ્બર જી,ઉદયપુર રાજસ્થાન

(૭) શાંતીલાલ સ/ઓ લાલુ હરજી મીણા ઉ.વ.૨૩ રહે.ખોડીયારનગર ભરવાડના મકાનમાં, મલાવ તળાવના છાપરા, થલતેજ, અમદાવાદ મૂળ ગામ. જેતાણા તા.સલૂમ્બર જી.ઉદયપુર રાજસ્થાન

**મુદામાલ :**

(૧) સોનાની ચેઈન કિ.રૂ.૧૨,૦૦૦/-

(૨) વીંટી કિ.રૂ. ૫૦૦૦/-

(૩) કાંડા ઘડીયાળ નંગ-૪ કિ.રૂ.૨૨,૦૦૦/-

(૪) મોબાઈલ ફોન નંગ-૭ કિ.રૂ.૭૦૦૦/-

(૫) મો.સા. કિ.રૂ.૨૦,૦૦૦/-

કુલ્લે કિ.રૂ.૭૬૦૦૦/-

**શોધાયેલ ગુનાઓ:-** (૧) સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૮૧/૨૦૨૦ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૨) સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં- ૨૩/૨૦૨૦ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૩) સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૨૫૭/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ(૪) સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૧૩/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૫૧૧ મુજબ (૫) સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૦૬/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૬) સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૨૨૪/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ મુજબ

**અન્ય કબુલેલ ગુનાઓ:-**

(૧) સપ્ટેમ્બર-૨૦૧૯ મ.નં-૫ કદમ બંગ્લોઝ બાગબાન ચાર રસ્તા પાસે, થલતેજ અમદાવાદ શહેર
(૨) સપ્ટેમ્બર-૨૦૧૯ મ.નં-૫ જીનમંગલ સોસાયટી, આકાશ ટાવર પાસે, જજીસ બંગ્લો રોડ, વસ્ત્રાપુર અમદાવાદ ખાતે (૩) મ.નં-૬ વૃદાવન-૪ આંબલી ફાટક પાસે આંબલી ગામ અમદાવાદ શહેર

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વેલન્સ પો.સ.ઈ. જે.જે.રાણા તથા પ્રો.મ.સ.ઈ. અમીતભાઈ રણછોડભાઈ તથા અ.પો.કો. અજીતસંગ નારસંગ તથા અ.લોકરક્ષક પ્રકુલભાઈ છેલાભાઈ તથા માધુભાઈ પોલાભાઈ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.





## સરખેજ પોલીસ સ્ટેશન :

## રીક્ષામાં પેસેન્જરોને બેસાડી તેઓના સામાનની ચોરી કરતા આરોપીને પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.સંયુક્તપો.કમિ.શ્રી, સેકટર-૧ અમીત વિશ્વકર્મા સાહેબ તથા ના.પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી પી.એલ.માલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા મિલકત સંબધી ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ વધુ બનાવ બનતા અટકાવવા અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના આધારે વસ્ત્રાપુર પો.સ્ટે સર્વેલસ સ્કોડના પો.સ.ઇ. એમ.બી.જાડેજા સાહેબ સાથેના સ્ટાફના મ.સ.ઇ જહાંગીરખાન ઇસ્માઇલખાન બનં ૭૭૯૬ તથા હે.કો બાબુભાઇ સરતાનભાઇ બ.નં ૩૦૪૩ તથા હે.કો. ઘનશ્યામસિંહ મહેંદ્રસિંહ બ.નં-૮૫૩૬ તથા પો.કો જીતેન્દ્રકુમાર જીવાભાઇ બ.નં-૮૫૯૨ તથા પો.કો ગોવિંદભાઇ નરશીભાઇ બ.નં-૭૬૦૫ તથા પો.કો વિનોદકુમાર દલપતભાઇ બ.નં-૧૩૧૪ તથા લો.ર વિશ્વરાજસિંહ હરદેવસિંહ બ.નં-૧૩૬૭. તથા લો.ર જયપાલસિંહ દીલીપસિંહ બ.નં.૧૨૪૪ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના *પો.કો. ગોવિંદભાઇ તથા લોકરક્ષક વિશ્વરાજસિંહ તથા લોકરક્ષક જયપાલસિંહ તથા લોકરક્ષક લાલજીભાઇ નાઓને સંયુકત બાતમી હકીકત આધારે* મધરમિલ્ક ડેરી ત્રણ રસ્તા ખાતેથી આરોપી *સોહીલ કાસમભાઇ મન્સુરી ઉવ 39 રહે, મકાન નં-2 ઘાંચીવાસ સરખેજગામ અમદાવાદ શહેર* નાઓને ગુનામા વપરાયેલ ખાલી નંબર પ્લેટવાળી રીક્ષા કીરૂ ૭૫,૦૦૦/-ની મતાની તથા રોકડ રકમ ૧૦,૦૦૦/- તથા બિજા અન્ય ડોક્યુમેન્ટ સાથેના કુલ્લે કીં રૂ ૮૫,૦૦૦/ ની મતાના મુદામાલ સાથે પકડી પાડી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન પાર્ટ –એ 11191020200190/20 ઇપીકો કલમ ૩૭૯ મુજબ ગુનાનો ભેદ ઉકેલી સારી કામગીરી કરવામાં આવેલ છે. તથા સાથેનો આરોપી આશિફ અન્સારી હાલ મા પકડવાનો બાકી છે.

### આરોપીનો પુર્વ ઈતીહાસ

આરોપી અગાઉ અડાલજ, રાણીપ, નવરંગપુરા સોલા હાઈકોર્ટ ચાંદખેડા તથા નરોડા પો.સ્ટે.મા પકડાયેલ છે

### આરોપીની ગુન્હો કરવાની એમ.ઓ.

આ કામના આરોપી સોહીલ કાસમભાઇ મન્સુરી તથા તેનો સાગરીત આસીફ અહેમદ મુખ્ત્યાઝુજ્જમા અંસારી રહે, ફતેહવાડી નાઓ રીક્ષા લઈ પેસેંજર બેસાડી પેસેંજરની બેગ તથા પૈસા-દાગીનાની ચોરી કરી નાસી જવાની એમ.ઓ ધરાવે છે.

## રાણીપ પોલીસ સ્ટેશન :

## ઘરફોડ ચોરીમાં ગયેલ અલગ અલગ સોનાના દાગીનાંઓ તથા મોબાઇલ ફોન નંગ ૦૨/- સાથે રીઢા આરોપીને શોધી કાઢતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ કે.એન.સોલંકી તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯ તથા પો.કો પ્રભાતસિંહ કોદરસિંહ બ.નં ૯૬૭૪ નાઓ તમામ માણસો સાથે પેટ્રોલીંગ દર્મ્યાન રાણીપ જી.એસ.ટી ફાટક પાસે આવતા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯ નાઓની ખાનગી બાતમી હકીકત આધારે આરોપી રવિ સ/ઓ ચંદુભાઇ દેવાભાઇ જાતે મકવાણા ઉ.વ ૩૦ રહે સોમાભાઇના મકાનમાં,રબારી વાસ,ચાંદલોડીયા તળાવ પાસે,ચાંદલોડીયા,અમદાવાદ શહેર નાઓની પાસેથી અલગ અલગ સોનાના દાગીનાંઓ જે તમામની કુલ્લે કિમત રુપિયા ૩૨,૭૦૮/- તથા મો.ફોન નંગ ૦૨/- જે બન્ને મો.ફોનની કિં રૂ ૧૦,૦૦૦/- ગણી તમામની મુદ્દામાલની કિમંત રૂપિયા-૪૨,૭૦૮/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી આરોપીને રાણીપ પો.સ્તે ફસ્ટ ગુ.ર.નં ૫૭/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે તા-૦૫/૦૩/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગે પકડી અટક કરી ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી સારી કામગીરી કરેલ છે.



# પ્રોહીબીશન તથા આર્મ્સ એક્ટના ગુનાના આરોપીની અટકાયત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

## ગાંધીનગર ચિલોડા પો.સ્ટેશનના પ્રોહિબીશનના નાસતા-ફરતા અને અગાઉ પ્રોહિબીશન તથા આર્મસ એક્ટ(ગે.કા વેપન) મા પકડાયેલ આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ્ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ્ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી-જુગારની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા સારુ તથા નાસતા-ફરતા આરોપીઓ પકડવા સારુ સર્વેલન્સ સ્ક્વોડના પ્રો.પો.સબ.ઈન્સ વી.એ.હરકટ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા હતા તે દરમિયાન **એલ.આર કીરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩ તથા એલ.આર અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭** નાઓની સંયુક્ત બાતમી મળેલ કે અગાઉ પ્રોહિબિશન તથા ગેરકાયદેસર હથિયાર(વેપન) રાખવાના ગુનામા પકડાયેલ છે. અને હાલ ગાંધીનગર ચિલોડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૯૨૦/૧૯ પ્રોહી કલમ-૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબના ગુનાના કામના નાસતા-ફરતા આરોપી **સંતોષ ઉર્ફે કટ્ટો શેરસિંહ ચૌહાણ** ઉવ.૩૯ રહે.મ .નં૧૫૧/૨ શીવાજીનગર ડિફેન્સ કોલોની સામે ભાર્ગવરોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ.પહાડપુર, તા.કાયમગંજ જિ.ફરુખાબાદ ઉત્તરપ્રદેશવાળાનો તા.૦૫/૦૩/૨૦૨૦ ના ક.૨૦/૪૫ વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

આરોપીનું નામ સરનામુ (૧) **સંતોષ ઉર્ફે કટ્ટો શેરસિંહ ચૌહાણ** ઉવ.૩૯ રહે.મ .નં૧૫૧/૨ શીવાજીનગર ડિફેન્સ કોલોની સામે ભાર્ગવરોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ.પહાડપુર, તા.કાયમગંજ જિ.ફરુખાબાદ ઉત્તરપ્રદેશ

### કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પ્રો.પો.સ.ઇ. વી.એ.હરકટ (૨)મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ (૩)મ.સ.ઈ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૪)હે.કો અશ્વિનભાઈ મણીલાલ બ.નં.૮૭૨૦ (૫) હે.કો દિનકરકુમાર ભીખાભાઈ બ.નં.૩૦૪૨ (૬) હે.કો ચેતનકુમાર રામુભાઇ બ.નં.૩૨૧૬ (૭)હે.કો સિરાજ એહમદ લિયાકતઅલી બ.નં.૮૩૩૮ (૮) પો.કો યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬(૯)એલ.આર કીરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩ (૧૦)એલ.આર અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ (૧૧) એલ.આર રીતેષ નંદલાલ બનં.૧૧૬૪૫ (૧૨) જતીનકુમાર દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮



# પાસા અટકાયત ની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

## શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી વડોદરા મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલા આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી સમીર ઉર્ફે લખન સ/ઓ મુસ્તાકભાઇ ઇસ્માઇલભાઇ દિવાન ઉ.વ ૧૯ રહે,મ.નં ૫૫ સુર્યનગરના છાપરા સુર્યનગર પોલીસ ચોકીની સામે ઇસનપુર અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૪૪/૨૦૨૦ તા.૦૫/૦૩/૨૦૨૦ થી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે



**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## પ્રોહિબીશન ગુનાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ આરોપણ બહેનની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની તથા સંયુક્ત પોલીસ કમિશનર શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબીશન પ્રવુત્તિ કરતી આરોપણ બહેન વિરુધ્ધ પાસા હેઠળ અટકાયત કરવા સારુ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તરફ મોકલી આપવા તજવીજ કરેલ જે આધારે પ્રોહિબીશન ગુનામાં સંકળાયેલ આરોપણ બહેન પીંકીબેન ઉર્ફે પીંકા વા/ઓ રમેશભાઇ ચુનારા ઉ.વ.૪૫ રહે.ચુનારાવાસ રૂધનાથ પીઠની સામે રાયપુર દરવાજા બહાર કાગડાપીઠ અમદાવાદ શહેર નાને મે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૨૪૧/૨૦૨૦ તા.૦૪/૦૩/૨૦૨૦ આધારે પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.



## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૫.૦૩.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ગા.હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમા દેશી દારુ જાહેર જનતના સ્વાસ્થયને હાનીકારક હોવા છતા સરખેજ ગામ ખાતેથી અજાણ્યા ઈસમો પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશીદારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના સાગરિત સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુનુ વેચાણ કરનાર બેન ભારતીબેન એલેક્ષ વિલસન ક્રિશ્ચીયન રહેવાસી-કાદરીની ચાલી ઓપેરા હાઉસની પાસે રાયખડ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ભારતીબેન એલેક્ષ વિલસન ક્રિશ્ચીયન રહેવાસી-કાદરીની ચાલી ઓપેરા હાઉસની પાસે રાયખડ અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા દેશી દારુ જાહેર જનતના સ્વાસ્થયને હાનીકારક હોવા છતા કઠવાડા મુકામેથી અજાણ્યા ઈસમો પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશીદારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના સાગરિત સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુનુ વેચાણ કરનાર બેન લક્ષ્મીબેન મહેશભાઈ ચુનારા રહેવાસી-ચુનારાવાસ અમૃત વિધ્યાલયની પાસે ઓઢવ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | લક્ષ્મીબેન મહેશભાઈ ચુનારા રહેવાસી-ચુનારાવાસ અમૃત વિધ્યાલયની પાસે ઓઢવ અમદાવાદ શહેર |

- આ ઉપરાંત શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને સુરત,વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.